ખેડૂતોના વિરોધ વચ્ચે દ્વારકા નજીક એરપોર્ટ નિર્માણ અંગે પ્રાથમિક સર્વેની કામગીરી શરૂ

સરકારી ચોપડે ફળદ્રુપ જમીનો હોવા છતાં સર્વે શાનો?-ખેડૂતો : સર્વેની કામગીરી ચાલુ રહેશે : પ્રાંત અધિકારી

દ્વારકા : દ્વારકા નજીકના વસઈ, મેવાસા, ગઢેચી અને કલ્યાણપુર ગામની જમીનમાં પ્રસ્તાવિત એરપોર્ટ પ્રોજેકટ અંતર્ગત ગઈકાલે દ્વારકાના પ્રાંત અધિકારીની આગેવાનીમાં પ્રાથમિક સર્વેની કામગીરીનો પ્રારંભ કરાયો છે. ખેડૂતો દ્વારા આ સર્વે કામગીરીનો વિરોધ કરાયો છે.

થોડા સમય પૂર્વે દ્વારકા યાત્રાધામને એરપોર્ટની સુવિધા આપવા હેતુ દ્વારકા નજીકના વસઈ, મેવાસા, ગઢેચી અને કલ્યાણપુર એમ ચાર ગામોની કુલ ૨૬૭ સર્વે નંબરવાળી જગ્યાઓ પર પ્રસ્તાવિત એરપોર્ટ નિર્માણની જાહેરાત કરાયા બાદ આજરોજ દ્વારકાના પ્રાંત અધિકારી અમોલ આવટે તથા અધિકારીગણની હાજરીમાં પ્રસ્તાવિત જમીન પર પ્રાથમિક સર્વેની કામગીરીનો પ્રારંભકરાયો છે. ૨૬૭ સર્વે નંબરો પૈકી અમૂક જમીનો સરકારી માલીકીની છે જ્યારે અમૂક સર્વે નંબરોવાળી જમીન ખાનગી માલીકીની છે. જમીનોના સંપાદનની કામગીરી થાય તે પહેલા ગઈકાલે પ્રસ્તાવિત જમીનોની પ્રાથમિક સર્વેની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. જે કામગીરી આગામી ૭-૮ દિવસ સુધી ચાલે તેવી સંભાવના છે.

ખેડૂતોએ વસઈ એરપોર્ટ નિર્માણ અંગે આ અગાઉ એરપોર્ટની જાહેરાત બાદ જ એરપોર્ટ પ્રોજેકટને વસઈ આસપાસની ફળદ્રુપ જમીન પર ન કરવા અને અન્યત્ર ખસેડવા તંત્રને રજૂઆતો કરવામાં આવેલ છે. ગઈકાલે પણ ખેડૂત આગેવાનોની ઉપસ્થિતિમાં ખેડૂતો દ્વારા ઉગ્ર વિરોધ કરાયો છે. એરપોર્ટ અંતર્ગત ચાર ગામના અસરગ્રસ્ત ખેડૂતોએ અગાઉ એરપોર્ટ પ્રોજેકટને અન્યત્ર ખસેડવાની માંગ સાથે વિરોધ -રજૂઆતો કર્યા બાદ ગઈકાલની કામગીરી અંગે ખેડૂત આગેવાનોએ પ્રતિભાવ આપતા જણાવેલ કે આ વિસ્તારની જમીનો ફળદ્રુપ હોય તાજેતરમાં માવઠામાં ઊંચા વળતરની ચૂકવણી સરકાર દ્વારા કરવામાં આવી હોય સરકારી ચોપડે જમીનો ફળદ્રુપ હોવાનું ફલિત થાય છે તો હવે પછી સર્વે શાનો તેવા વેધક સવાલો સાથે સર્વે કામગીરીનો વિરોધ નોંધાવ્યો હતો. આ અગાઉ પણ ખેડૂતો દ્વારા વસઈ આસપાસની ફળદ્રુપ જમીનો આપવાના સાફ ઈન્કાર સાથે વખતો વખત મીટીંગો યોજી અને સરકારમાં લેખીત વિરોધ વ્યકત કરી પ્રોજેકટને અન્ય જગ્યા પર ખસેડવા રજૂઆતો કરવામાં આવી છે. આ અંગે દ્વારકાના પ્રાંત અધિકારીએ જણાવ્યું હતું કે એરપોર્ટ પ્રોજેકટ અંતર્ગત મેવાસા, વસઈ, ગઢેચી અને કલ્યાણપુરના વિવિધ સર્વે નંબરવાળી જમીનો પૈકી મુખ્યત્વે સરકારી જમીનોના સર્વેની કામગીરીનો પ્રારંભ કરાયો છે. સરકારી જમીનો પર દબાણો હશે તો તે અંગે રેવન્યુ કોડ અનુસાર પ્રોસેસ કરવામાં આવશે. આ સર્વેની કામગીરી આગામી સમયમાં પણ ચાલતી રહેશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

સડોદર ગામે જુગાર રમતી પાંચ મહિલા સહિત આઠ પકડાયા

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સડોદર ગામમાં ગઈકાલે મોડી સાંજે પોલીસે જુગાર અંગે દરોડો પાડયો હતો, અને જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલી પાંચ મહિલાઓ અને ત્રણ પુરુષો સહિત ૮ પત્તા પ્રેમીઓની અટકાયત કરી લઈ રોકડ રકમ તેમજ જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

શેઠવડાળા પોલીસ સ્ટેશનની ટુકડીએ ગઈકાલે મોડી સાંજે જામજોધપુર નજીક સડોદર ગામમાં દરોડો પાડ્યો હતો, અને ત્યાંથી ગંજીપાના વડે જુગાર રમી રહેલા નરેન્દ્ર માધાભાઈ ચાંડપા, જેન્તીભાઈ વશરામભાઈ ધવલ, અને પ્રફુલ દેવાભાઈ ભદ્રુ નામના ત્રણ પુરુષો ઉપરાંત રંજનબેન વીરાભાઈ ભદ્રુ, તેમજ નિમુબેન સોમાભાઈ વારગીયા, પમાભાઈ ભદ્રુ, અને શારદાબેન શંકર દાસ શ્રીમાળી તેમજ કંકુબેન શામળદાસ ગાજણ સહિત ૮ પત્તાપ્રેમીઓની અટકાયત કરી લીધી છે. જેઓ પાસેથી રૂપિયા ૧૧,૪૧૦ ની રોકડ રકમ અને ગંજીપાના તેમજ જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

બેડીના દરિયામાં માછીમારી કરતા બોટ ચાલક સામે ફરિયાદ

જામનગર જામનગર નજીકના દરિયામાં એક માછીમારી બોટ કે જેના રજીસ્ટ્રેશન નંબરો દેખાતા ન હતા, જે બોટ બેડીના દરિયામાં આવી ચડતાં બેડી મરીન પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી.

જે બોટ ખંભાળિયાના હુસેન ઈસ્માઈલ સુંભણીયા નામના માછીમારની હોવાનું જાણવા મળ્યું હતું, અને તેના રજીસ્ટ્રેશન નંબર બરાબર દેખાતા ન હોય તેણે ગુજરાત ના ફિઝરીજ ના કાયદાનો ભંગ કર્યો હતો. આથી બેડી મરીન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર વી એસ પોપટ જાતે ફરિયાદી બન્યા હતા, અને બોટ માલિક હુસૈન ઈસ્માઈલભાઈ સુંભણીયા સામે ફિશરઝ ના કાયદાના ભંગ બદલ ગુન્હો નોંધ્યો છે.

જામનગર સોલાર પેનલ લગાવવાના બહાને ૧૦૦ થી વધુ લોકોને છેતરનાર ટોળકીના પાંચ શખ્સો ઝડપાયા

આરોપીઓ પાસેથી ૮ બેંકની ચેકબુક-પાસબુક, બે સીપીયુ અને ૧૨ મોબાઈલ ફોન કબ્જે કરાયા

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેર જિલ્લા સહિતના ૧૦૦ થી વધુ લોકોને સોશિયલ મીડિયાના માધ્યમથી સોલાર પેનલ કંપનીના નામે આકર્ષક જાહેરાત આપી નાણા પડાવી લઈ સોલાર પેનલ ફીટ નહીં કરી એક ટોળકીના પાંચ સભ્યોને જામનગર સાઈબર સેલની ટુકડીએ ઝડપી લીધા છે, અને તેઓ પાસેથી ૧૨ મોબાઈલ ફોન, બે સીપીયુ, ૮ બેન્કની પાસબુક સહિતનું સાહિત્ય કબજે કર્યું છે.

જામનગરમાં હિરજી મિસ્ત્રી રોડ પર રહેતા એક નાગરિકે પોતાના ઘેર સોલાર પેનલ ફીટ કરી આપવાના બાબતે ખાનગી કંપનીના બે સંચાલકો સામે સીટી સી. ડિવિઝન પોલીસમાં મથકમાં છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી હતી, જે ફરિયાદના આધારે પોલીસ દ્વારા તપાસ ચલાવાઈ રહી હતી, અને જામનગરની સાયબર ક્રાઈમ પોલીસની ટીમે આ પ્રકરણમાં તપાસમાં ઝુકાવ્યું હતું. જેમાં જાણવા મળ્યું હતું, કે એક સોલાર કંપનીની જાહેરાત આપનાર પાર્ટી કે જેઓ દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને સસ્તા ભાવે સોલાર પેનલ લગાવી આપવાનું પ્રલોભન આપી તેના માટે બેન્કમાંથી લોન કરાવી દીધા બાદ નાણા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી નાખતા હતા, અને સોલાર પેનલ ફીટ નહી કરી આપી, છેતરપિંડી કરી હતી. જે પ્રકરણની ઊંડાણપૂર્વકની તપાસ બાદ પોલીસની ટીમે એક ટોળકીના પાંચ સભ્યોને ઝડપી લીધા છે.

જે ટોળકીએ ઈન્ફીટી સોલાર પ્રાઈવેટ લિમિટેડ કંપનીની સોલાર પેનલની ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત આપી કંપનીના નામે લોકો સાથે સાયબર ઠગાઈ કરતા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. અને વધુ તપાસ દરમ્યાન ખુલ્યું છે કે આરોપીઓએ આ રીતે ૧૦૦ કરતાં વધુ લોકો સાથે સાયબર ફ્રોડ આચરી, સોલાર પેનલ ખરીદવાના બહાને લોન અપાવી, તે રકમ પોતાના અંગત બેંક ખાતામાં મેળવી હતી. ત્યારબાદ સોલાર પેનલ સ્થાપિત ન કરી, છેતરપિંડીથી મેળવેલ નાણાં પોતાના અંગત લાભ માટે વાપર્યા હતા. ઉપરાંત, આ નાણાં ઠગાઈના હોવાની જાણ હોવા છતાં આરોપીઓએ એકબીજા સાથે સાંઠગાંઠ કરી ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ રાખી હતી.

આ અંગર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધવામાં આવ્યો છે, અને તે ગુન્હામાં હિરેનભાઈ નાથાલાલ લાઠીયા (૩૭) રહે. તીરૂપતી પાર્ક ૭/બી ઢિંચડા રોડ મુળ રહે. કૃષ્ણકુંજ શેરી નં.૪ હિમાલય સોસયટી, ચેતનભાઈ અશોકભાઈ પાણખાણીયા (૩ રહે.નિલકમલ સોસાયટી શેરી નં.૫ ખોડીયાર કોલોની, રાહુલભાઈ રાજેન્દ્રપ્રશાદ ભટ્ટ (૫૨) રહે.૧/૨ મકવાણા સોસાયટી, શાંતિનગર પાછળ હરીયા સ્કૂલની સામે, અભય જીતેન્દ્રભાઈ પરમાર (૨૮) રહે. ખોડીયાર કોલોની ન્યુ આરામ કોલોની કોળીનો દંગો અને રામજી કમોદસિંઘ લોધી (૨૫) નોકરી રહે જકાતનાકા પાસે પાર્થ એપાર્ટમેન્ટ ત્રીજો માળની અટકાયત કરી લીધી છે.

જેઓ પાસેથી ૧૨ નંગ મોબાઈલ ફોન, બે નંગ સી.પી.યૂ., ૮ જુદી જુદી બેંકની પાસબુક, ચેકબુક સહિતનું સાહિત્ય કબજે કરાયું છે. આ પ્રકરણમાં તેઓની સાથે સંકળાયેલા અન્ય છઠ્ઠા આરોપી કાનાભાઈ બૈડીયાવદરાને ફરારી જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૩૪.૩૨ કરોડના ખર્ચ મંજૂર

ખોડીયાર કોલાનીથી દિગ્જામ સર્કલ સુધી આસફાલ્ટ ૬ લેન રોડ માટે ૧૫.૨ કરોડ મંજુર

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગર પાલિકામાં ગઈકાલે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ રૂ. ૩૪.૩૨ કરોડ વિવિધ વિકાસ કામો માટે મંજૂર કરવામાં આવ્યા છે.આ બેઠકમાં ચીફ ઓડીટર તરફથી રજુ થયેલ જામનગર મહાનગરપાલિકાનો સને ૨૦૨૩-૨૪નો ઓડીટ-અહેવાલ મંજુર કરવામાં આવ્યો. હતો.પીએસી. ૧૦ ની ખરીદી અંગે રૂા. ૨૦.૫૭ લાખ, વોર્ડ નં. ૨ માં જલારામનગરથી કેનાલ સુધી આર.સી.સી. બોકસ કેનાલ તથા મેહુલ પાર્કથી ગાંધીનગર સ્મશાન પુલીયા સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ બનાવવા માટે રૂા. ૪૨૮.૮૯ લાખ, સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ કેનાલ – બીજ વર્કસના કામે વધારાના કામ અંગે રૂા. ૫ લાખ, સીવીલ શાખા ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૦, ૧૧ અને ૧૨) માં સ્ટ્રેંધનિગ એન્ડ અપગ્રેડેશન ઓફ કેનાલ બીજ વર્કસના વધારાના કામ અંગે રૂા. ૫ લાખ, સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૯) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ બિલ્ડીગ વર્કસના કામે વધારાના કામ અંગેનો ખર્ચ રૂા. ૫ લાખ, સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૭) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ/સી.સી. બ્લોક (પેવર બ્લોક) ના કામ અંગે ખર્ચ રૂા. ૫૦ લાખ, આઉટ ગ્રોથ એરીયાની ગ્રાન્ટ અંતર્ગત વોર્ડ નં. ૧૧, લાલવાડી વિસ્તાર શીતલવન સોસાયટીની આંતરિક શેરીઓમાં સી.સી. રોડના કામ અંગે રૂા. ૭૪.૯૭ લાખ, શહેરના અલગ-અલગ રસ્તાઓમાં આસ્ફાલ્ટ રી-કાર્પેટીંગના કામ અંગે રૂા. ૬૪૮.૯૭ લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે.

સરદાર વલ્લભભાઈ પટેલ એમ્યુઝમેન્ટ પાર્ક માં આવેલ ફુડઝોન શોપ નં. – ૧, પાંચ વર્ષના ઓપરેટીંગ લીઝ ભાડેથી આપવાની દરખાસ્ત મંજૂર કરીને કરવામાં આવી છે જેનાથી પ્રતિ વર્ષ રૂ ૨.૩૫ લાખની આવક થશે. સરદાર વલ્લભભાઈ પટેલ એમ્યુઝમેન્ટ પાર્ક ખાતે આવેલ ફુડઝોન શોપ નં. - ૨, પાંચ વર્ષના ઓપરેટીંગ લીઝ ભાડેથી આપવાની દરખાસ્ત મંજુર કરવામાં આવતા પ્રતિ વર્ષ રૂા. ૨.૪૫ લાખની આવક થશે. ફુડઝોન શોપ નં. – ૩ , પાંચ વર્ષના ઓપરેટીંગ લીઝ ભાડેથી આપવાની દરખાસ્ત તેમજ ફુડઝોન શોપ નં. – ૪ , પાંચ વર્ષના ઓપરેટીંગ લીઝ ભાડેથી આપવાના કામની દરખાસ્ત રી-ટેન્ડર કરવા નિર્ણય લેવાયો હતો.

ઉપરાંત ફુડઝોન શોપ નં. – ૬, પાંચ વર્ષના ઓપરેટીંગ લીઝ ભાડેથી આપવાની દરખાસ્ત મંજુર કરવામાં આવતા રૂા. ૧.૩૨ લાખ પ્રતિવર્ષ આવક થશે. રેસ્ટોરેશન, કન્ઝર્વેશન, કન્સોલીડેશન એન્ડ રી-પ્રોડકશન ઓફ ભુજીયો કોઠો (ફેઈઝ-૨) (હેરીટેજ ચેઈન) ના કામે રૂા. ૩૫૩.૦૬ લાખ નો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો.હતો. સિકયોરીટી ગાર્ડ કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ અધર સ્ટાફ ઓફ રણમલ લેઈક તથા ખંભાળીયા ગેઈટ ફોર ધ પીરીયડ ઓફ ૩(થી) વર્ષના કામે વધારાના સમયગાળા અંગે રૂા. ૩૭.૩૪ લાખ , જામનગર મહાનગરપાલિકા ઓફીસ કેમ્પસમાં નવું જનરલ બોર્ડ બનાવવાના વધારાના કામ અંગે રૂા. ૧૬.૫૬ લાખ, "પી.એમ. ઈ-બસ" સેવા અંતર્ગત ઈ-બસ ડેપો, ઈ-બસ ચાર્જીંગ સ્ટેશન, ઈલેકટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રકચર અને એડમિનિસ્ટ્રેશન બિલ્ડીંગ (ફેઈઝ-૧) ના કામ માટે રૂા. ૨૮૪.૧૯ લાખ અને ઓશવાળ સેન્ટર, પાઈલોટ બંગલાથી ખોડીયાર કોલોની થઈ દિગ્માગ સર્કલ સુધી હયાત ફોર ટ્રેક રોડને આસ્ફાલ્ટ સિકસ લેન વાઈડનીંગ કરવાના કામ અંગે રૂા. ૧૫૦૨.૪૭ લાખના ખર્ચને મંજૂર કરવામાં આવ્યો હતો.

આમ કૂલ રૂ. ૩૪ કરોડ ૩૨ લાખના ખર્ચની દરખાસ્તો મંજૂર કરવામાં આવી હતી.

આગામી દિવસોમાં કમોસમી વરસાદથી ખેડૂતોને સમયસર પગલાં લેવા અપીલ

જામનગર : હવામાન ખાતાની આગાહી અનુસાર દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં આગામી તા. ૨૧-૧ થી ૨૫-૧ દરમ્યાન વાદળછાયુ વાતાવરણ રહેવાની અને કોઈક જગ્યાએ હળવા કમોસમી વરસાદની શક્યતા છે. જેના કારણે હાલ આંબા પાકમાં મોર આવવાના તબક્કે ખેડૂતોને નુકશાન થવાની શક્યતા છે. આંબાના મોરનો સમય અત્યંત સંવેદનશીલ હોય છે અને આ દરમિયાન વધુ ભેજ અને વરસાદ થવાથી ફળ બંધાણ ઘટી શકે છે તેમજ ફૂગજન્ય રોગોનું પ્રમાણ વધી શકે છે.

કમોસમી વરસાદથી મોર લાંબો સમય ભીનો રહેવાથી ફૂલ અને નાની કણી ઝડી જવી, પરાગ નયન પ્રક્રિયામાં અડચણ આવવી, તેમજ પાઉડરી મિલ્ક્ય (ભૂકી છારો) અને એન્થ્રાક્નોઝ (કાળવણ) જેવા રોગો ઝડપથી ફેલાવાની શક્યતા વધી જાય છે. પરિણામે કેરી બેસાણ ઉપર નકારાત્મક અસર પડી શકે છે.

આવા સંજોગોમાં ખેડૂતોને બાગાયત વિભાગ દ્વારા સૂચનો આપવાના આવ્યા છે જે મુજબ, વરસાદ આવવાના પહેલા અથવા વરસાદ બંધ થયા બાદ ૨૪ કલાકની અંદર યોગ્ય ફૂગનાશક દવાનો છંટકાવ કરવો. આ માટે કાર્બેંડેઝિમ (૧ ગ્રામ પ્રતિ લીટર) અથવા હેક્સાકોનાઝોલ (૧ મીલી પ્રતિ લીટર) અથવા વેટેબલ સલ્ફર (૨ ગ્રામ પ્રતિ લીટર) માંથી કોઈ એક દવાનો છાંટકાવ કરવાથી રોગોનું નિયંત્રણ થઈ શકે છે. દવા સાથે સ્ટિકર ભેળવવાથી અસર વધુ સારી મળે છે.વરસાદ પહેલાં મોર નબળો ના પડે અથવા ફૂલ ખરી ના જાય તે માટે બોરોન (૦.૨%) અને ઝીંક (૦.૫%) જેવા સૂક્ષ્મ પોષક તત્વોના ફોલિયર સ્પ્રે કરવાથી મોર મજબૂત બને છે.

ખેતરમાં પાણીનો ભરાવોના થાય તે માટે યોગ્ય પાણી નિકાલ વ્યવસ્થા કરવી અનિવાર્ય છે. બાગાયત વિભાગ ખેડૂતોને અપીલ કરે છે કે બપોરની ગરમીમાં છંટકાવ ટાળવો, વરસાદની આગાહી મુજબ આયોજન કરવું અને દવાનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવો. સમયસર યોગ્ય પગલાં લેવાથી કમોસમી વરસાદથી થતું નુકશાન ઘણી હદ સુધી અટકાવી શકાય છે. તેમ નાયબ બાગાયત નિયામક જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

જામનગરમા JEE મેઈન્સની પરીક્ષા કેન્દ્રો વિસ્તારમાં પ્રતિબંધાત્મક હુકમ

જામનગર : નેશનલ ટેસ્ટિંગ એજન્સી નવી દિલ્હી દ્વારા આયોજિત JEE મેઈન્સની પરીક્ષા તા.૨૧ થી તા.૨૪ જાન્યુઆરી તથા તા.૨૮-૨૯ જાન્યુઆરી દરમિયાન જામનગર જિલ્લામાં આત્મીયા ગ્લોબલ આઈટી સોલ્યુશન, મહાપ્રભુજીની બેઠક, પોલીસ સ્ટેશન સામે કાલાવડ રોડ જામનગર ખાતે યોજવામાં આવશે. પરીક્ષા દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. પરીક્ષાઓ દરમિયાન પ્રશ્નપત્રો અને તૈયાર ઉત્તરોની કોપી ઝેરોક્સ/કોપીયર મશીન દ્વારા મેળવીને અને પરીક્ષાખંડમાં મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીઓને મદદ થતી હોવાથી તેજસ્વી વિધાર્થીઓને અન્યાય થતો અટકાવવા માટે પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૩૦૦ મીટર વિસ્તારની હદમાં આવેલા સાયબર કાફે તથા કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ, અંગત વપરાશકર્તાઓએ (સરકારી/અર્ધ સરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપિયર મશીન ધારકોએ તા.૨૧-૧ થી તા.૨૪-૧ તથા તા.૨૮-૨૯ જાન્યુઆરીના રોજ સવારના ૮ કલાકથી સાંજે ૬:૩૦ કલાક સુધી કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એસ.એમ.કાથડ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

જિલ્લા કલેકટરના હસ્તે નવજાત જુડવા દીકરીઓને કીટનું વિતરણ કરયું

જામનગર : સમાજમાં દીકરીઓની આર્થિક તથા સામાજિક સ્થિતિ મજબૂત બનાવવી, દીકરીઓના જન્મદરમાં વધારો કરવો, શિક્ષણમાં ડ્રોપઆઉટ ઘટાડવો, બાળલગ્નની પ્રથા અટકાવવી તેમજ સ્ત્રીઓનું સ્થાન વધુ સશક્ત બનાવવાના ઉદ્દેશથી ભારત સરકાર દ્વારા બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અમલમાં છે.

આ યોજનાનો અસરકારક અમલ થાય તથા સમાજમાં દીકરી પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણ વિકસે તે માટે જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા જિલ્લામાં દીકરીઓના કલ્યાણ માટે અનેક પરિણામલક્ષી પહેલો સફળતાપૂર્વક અમલમાં આવી રહી છે.

ત્યારે મહિલા અને બાળ અધિકારી કચેરી જામનગર દ્વારા આયોજિત કાર્યક્રમમાં કલેક્ટરના હસ્તે નવજાત જન્મેલ જુડવા દીકરીઓને દીકરી વધામણા કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલેક્ટરએ લાભાર્થી પરિવારજનોને દીકરીના જન્મ બદલ અભિનંદન પાઠવી, દીકરીને શિક્ષિત અને સશક્ત બનાવવાની મહત્વતા ઉપર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમ દરમિયાન લાભાર્થી પરિવારને વ્હાલી દીકરી યોજનાના ફોર્મ આપવામાં આવ્યા હતા તેમજ યોજનાના લાભ, પાત્રતા અને અરજી પ્રક્રિયા અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

દ્વારકાના દરિયાઈ વિસ્તારમાં માછીમારી કરતા પ્રૌઢનું હૃદય બેસી ગયું

દ્વારકા : દ્વારકાના દરિયાઈ વિસ્તારમાં બોટમાં માછીમારી કરતા પ્રૌઢનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા દ્વારકા પોલીસે સ્થળપર દોડી જઈ વધુ તપાસ આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મહારાષ્ટ્ર રાજ્યના રત્નાગીરી જિલ્લાના કૃશ્યા માંક્યા વરવટકર નામના પ્રૌઢ દ્વારકાથી ૫૦ નોટિકલ માઈલ દૂર બોટમાં માછીમારી કરતા હોય આ વેળાએ તેઓને એકાએક છાતીમાં દુખાવો ઉપડતા અને હૃદયરોગનો તીવ્ર હુમલો આવી જતા મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની હરીશચંદ્ર વિકુ અટુસ્કર એ જાણ કરતા દ્વારકા પોલીસે વધુ તપાસ આરંભી હતી.

પશ્ચિમ રેલ્વે
રાજકોટ મંડળ
BTPN વેગન સ્ટીમ ક્લીનિંગ સુવિધાઓમાં વધારો
ટેન્ડર સૂચના ક્રમાંક DRM/RJT/E-Tender/૨૦૨૫-૨૦૨૬/૪૬(EL) તારીખ ૧૬.૦૧.૨૦૨૬ ટેન્ડર ક્રમાંક: DRM/RJT/EL/૨૦૨૫-૨૦૨૬/૪૬ (i) કાર્યનું નામ: હાપા: BTPN વેગન સ્ટીમ ક્લીનિંગ સુવિધાઓમાં વધારો (ii) અંદાજિત કિંમત: રૂા. ૩૩,૧૩,૭૪૨.૬૦/- (iii) EMD કિંમત: રૂ. ૬૬,૩૦૦/- (iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય: ૦૯.૦૨.૨૦૨૬ ૧૫.૦૦ કલાક સુધી (v) કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલ્વે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલ્વે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - ૩૬૦૦૦૧ વેબસાઈટ વિગતો: "www.ireps.gov.in" RJT 186
અમને લાઇક કરો: facebook.com/WesternRly

કૃષ્ણની કર્મભૂમિ દ્વારકામાં મહામંડલેશ્વર કનકેશ્વરી દેવીના વ્યાસાસને દેવી ભાગવત કથાનો પ્રારંભ

તસવીર : બુધાભા ભાટી

દ્વારકા : દ્વારકાના આંગણે ધારાસભ્ય પબુભા માણેક પરિવાર દ્વારા વિશ્વ કલ્યાણ માટે ૨૧ હજાર બ્રાહ્મણો દ્વારા ચંડી મહાયજ્ઞ, દેવીભાગવત અને ૫૮ કરોડ જાપ સહ શિવ મહાઅભિષેકનું ધાર્મિક મહાઆયોજન કરાયુ છે જેનો ગઈકાલે શુભારંભ થયો છે. આ મહાકાર્યમાં વિવિધ રાજ્યો ઉપરાંત નેપાળથી યજ્ઞમાં ભાગ લેવા હજારો ભક્તો દ્વારકા પહોંચ્યા છે. દેવનગરી જેવું શોભાયમાન અને કુંભ સ્થાન જેવું પવિત્ર સ્થળ બનાવાયું છે. કે જ્યાં આગામી ૩૧ જાન્યુઆરી સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે. દરરોજ ૧.૫ થી ૨ લાખ ભક્તો પ્રસાદ લઈ શકે તેવી વ્યવસ્થા ઉભી કરાઈ છે. મહા મહિનાની ગુપ્ત નવરાત્રિ દરમિયાન યોજાયેલ માતૃશક્તિ વંદના અને નામ જપની ગંગામાં પવિત્ર થવા સૌ કોઈને જાહેર આમંત્રણ પાઠવેલ છે. આગામી દિવસોમાં રાજસત્તા અને ધર્મસત્તાનાં મહારથી ઉપરાંત લાખો મહેમાન ઉપસ્થિત રહેશે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)